।। શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ।।

ગામ કેરાના અ.નિ. સાં.યો. નાનબાઈ ફઈની પુણ્ય સ્મૃતિમાં

**શ્રી નરનારાયણદેવના ૧૯૭માં વાર્ષિક પાટોત્સવ**

પ્રસંગે

# શ્રીમદ્ સત્સંગિજીવન

એવમ્

# શ્રી વચનામૃત પંચાહ્ન પારાયણ

| પ્રારંભ | પૂર્ણાહુતી |
| --- | --- |
| વિ.સં. ૨૦૭૬ | વિ.સં. ૨૦૭૬ |
| વૈશાખ સુદ ૧ | વૈશાખ સુદ ૫ |
| ૨૪-૪-૨૦૨૦ | ૨૮-૪-૨૦૨૦ |
| શુક્રવાર | મંગળવાર |

**તા. ૨૪ થી ૨૮ એપ્રિલ, ૨૦૨૦**

નિમંત્રક

સ.ગુ. મહંત પુ. સ્વામી ધર્મનંદનદાસજીના જય શ્રી સ્વામિનારાયણ વાંચશોજી.

હાર્દિક આમંત્રણ

## શ્રી નરનારાયણદેવના ૧૯૭માં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે ભવ્ય આયોજન

**સર્વે હરિભક્તોએ ઈન્ટરનેટ કે T.V. ચેનલના માધ્યમથી સહપરિવાર ઘરે જ બેસીને લાઈવ પ્રસારણ દ્વારા કથા શ્રવણ કરવા તથા અભિષેક/અન્નકૂટના દર્શન કરવા સૂચિત કરવામાં આવે છે.**

**કથા સમય**
સવારના
૮:૦૦ થી ૧૦:૦૦ કલાકે

**પોથીયાત્રા**
તા. ૨૪-૪-૨૦૨૦, શુક્રવાર
સંતો દ્વારા બહેનોના મંદિરેથી મુખ્ય સભામંડપ સુધી સવારે ૮:૦૦ કલાકે

**કથા સમય**
બપોર પછી
૫:૦૦ થી ૭:૦૦ કલાકે

**શ્રી ઘનશ્યામ જન્મોત્સવ**
તા. ૨૫-૪-૨૦૨૦, શનિવાર
બપોર પછી ૬:૩૦ કલાકે

**અભિષેક દર્શન**
તા. ૨૮-૪-૨૦૨૦, મંગળવાર
સવારે ૬:૦૦ કલાકે

**અન્નકૂટ દર્શન**
તા. ૨૮-૪-૨૦૧૮,મંગળવાર
સવારે ૯:૦૦ કલાકે




**LIVE પ્રસારણ**

bhujmandir
bhujmandir
bhujmandir
bhujmandir

માતૃછાયા 981

સદ્વિદ્યા GTPL 554

SWAR શ્રી GTPL 570



SWASTIK PRINTERS, BHUJ : 9979061933

**શ્રી નરનારાયણદેવના ૧૯૭માં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે હાર્દિક નિમંત્રણ**
















સ્વસ્તિશ્રી ........................ મહાપાવન સ્થાને નિવાસકૃત અક્ષરાધિપતિ શ્રી સ્વામિનારાયણ ભગવાનના પરમ ઉપાસક, સહજાનંદી સિંહને છાજે તેવા સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, પંચ વર્તમાન, આદિ ગુણોથી અલંકૃત એવમ્ સત્સંગીની નૈતિક ફરજ કે ધર્મ મર્યાદા પ્રમાણે શ્રીજી માન્ય દેવ, આચાર્ય, સંત, શાસ્ત્ર તથા સત્સંગ સેવા પરાયણ રહી શ્રીહરિના પરમસ્નેહના અધિકારી એવા પ.ભ.શ્રી.

................................................................................................................................

આધપ્રભુ શ્રી નરનારાયણદેવ, સ્નેહ સ્વરૂપ શ્રી રાધાકૃષ્ણ દેવ અને લાડ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજની કૃપાધારા થકી સૂર્ય અને ચંદ્ર સમાન દેદીપ્યમાન તીર્થધામ ભુજથી આપ સૌ ભગવદી ભક્તજનોને અર્થ આલોક અને પરલોકમાં સુખની કામના કરનાર શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજના મહંત સ.ગુ.પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ.પુરાણી સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ.કોઠારી પાર્ષદવર્ય જાદવજી ભગત, સ.ગુ. સ્વામી સનાતનદાસજી, સ.ગુ. સ્વામી પ્રભુચરણદાસજી, સ.ગુ.સ્વામી નિરન્નમુક્તદાસજી, સ.ગુ.સ્વામી જગતપાવનદાસજી, સ.ગુ. સ્વામી મુકુંદજીવનદાસજી, સ.ગુ.સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, સ.ગુ.પુ.સ્વામી સ્વયંપ્રકાશદાસજી, સ.ગુ. પુ. સ્વામી શ્રીહરિદાસજી, સ.ગુ.સ્વામી

દેવકૃષ્ણદાસજી, સ.ગુ.પુ.સ્વામી બાલકૃષ્ણદાસજી, સ.ગુ.સ્વામી હરિબળદાસજી, સ.ગુ. સ્વામી કેશવજીવનદાસજી, સ.ગુ.સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સ.ગુ.સ્વામી ભગવદ્જીવનદાસજી, કોઠારી સ.ગુ.સ્વામી દેવપ્રકાશદાસજી, કોઠારી શા. સ્વામી શુકદેવસ્વરૂપદાસજી આદી સંત મંડળ તથા મુખ્ય કોઠારી રામજીભાઈ દેવજી વેકરીયા, ઉપકોઠારી મુરજીભાઈ કરસન શીયાણી આદી ટ્રસ્ટી મંડળ અને યશસ્વી યજમાનશ્રીઓના સપ્રેમ જયશ્રી સ્વામિનારાયણ વાંચશોજી.

વહાલા હરિસેવકો...!!! સસ્નેહ કહેવાનું કે, આ પૃથ્વી પર જ અક્ષરધામ સમુ દિવ્યાતિ દિવ્ય પાવનધામ કે જે ઉદ્ધાવતાર સદ્ગુરૂ રામાનંદ સ્વામીને અતિ વહાલું અને શ્રીજી મહારાજના લીલા ચરિત્રો થકી નગરથી ધામની ઉપાધિ મેળવેલું એવું એક ભુજધામ આપણી સંપૂર્ણ આસ્થાનું કેન્દ્ર સ્થાન છે. શ્રી સ્વામિનારાયણ મંદિર તરીકે જગ વિખ્યાત આ ભવ્ય મંદિરમાં પ્રગટ પુરૂષોત્તમ શ્રીહરિના સ્વહસ્તે પધરાવેલ પ્રસાદીભૂત, કર્મભૂમિ ભરતખંડના રાજાધિરાજ એવમ્ મુખ્ય અદિષ્ઠાતા દેવ બદ્રીપતિ શ્રી નરનારાયણદેવ પ્રગટ વિરાજમાન છે. શ્રીજી મહારાજે કચ્છના સત્સંગીઓ પર આ અનુપમ એવમ્ અમુલ્ય સ્નેહકૃપા વરસાવી એને ૧૯૭ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. નંદ સંતોના કરકમળો દ્વારા સેવાયેલા શ્રી નરનારાયણ દેવના દર્શન કરતા વાહલા પ્રાણજીવનની એજ મનોહર છબી ભક્ત હૃદયમાં સદૈવ સહજ જ તરી આવે છે.

શ્રી નરનારાયણ દેવના દરબારને સમર્પિત કચ્છ ચોવીસીના ગામડાઓ પૈકીનું એક ગામ એટલે મુમુક્ષુઓની ચરણ રજથી પાવન એવમ્ કચ્છ ઈતિહાસના પાને નોંધાયેલ ઐતિહાસિક એવું કેરા ગામ. કેરાકોટની ધરતીને પાવન કરનાર ઉદ્ધાવતાર રામાનંદ સ્વામી કેરાના કપિલાશ્રમમાં રોકાણ કરી મુમુક્ષુઓને સુખ આપ્યું હતું. પ્રગટ પ્રભુ ભગવાન સ્વામિનારાયણ સંવત ૧૮૬૦ની સાલમાં પ્રથમ ભુજમાં પધાર્યા ત્યારે ભક્તચિંતામણી પ્ર. ૧૧૬ની શાખે કેરાના અમુક ભક્તો પણ તે સમયે ઉપસ્થિત રહ્યા હતા.

ક્ષત્રિ સદાબાઈ હરિજ, દ્વિજ લાલજી જગજીવન ।
કણબી ભક્ત વશરામ નામ, એક આદિ જન કેરે ગામ ।।

કચ્છની ધરાને પાવન કરનાર શ્રી સ્વામિનારાયણ ભગવાન કેરા-કુંદનપર ગામને પણ પવિત્ર કરવા હેતુ આ ગામોની ભૂમિ પર પૂનિત પગલા મૂક્યા ત્યારે સ્ત્રી રત્ન ક્ષત્રિય ભક્ત નિવારણ દ્રષ્ટિવાળા સદાબાના પ્રેમને વશ થઈ ભગવાને ઘણી લીલાઓ કરી છે, જેની ઘનશ્યામ લીલા ઉ. તરંગ ૩૯-૯૧ શાખ પુરે છે.

પછી ત્યાંથી આવીયા પ્રીતમ, ગામ કેરા આવ્યા પરબ્રહ્મ;
તેના સમીપે કુંડ છે ચાર, સજીવન પાણી તે છે અપાર.
તેના ઉપર પૈ સુખકારી, વહ્યું જાય છે નિર્મળ;
શ્રીહરિએ કર્યું છે ત્યાં સ્નાન, નિજ ભક્તિ સાથે ભગવાન.
ગામ કેરા કોટે મહારાજે, લીલાઓ કરી છે સુખ;
સદાબાના દરબાર માય, સદાવ્રત બાંધ્યું વળી ત્યાંય.
નારાયણ ઘરમાં પાવન, જલક્રીડા કરી છે જીવન;
તેમાં કુંડ સજીવન સારા, અનંતવાર નાહ્યા છે પ્યારા.

સંપ્રદાયના વિવિધ ગ્રંથોમાં ઉલ્લેખનીય આવા ઐતિહાસિક પ્રસાદિભૂત કેરા ગામમાં સ્વામિનારાયણ સંપ્રદાના ઈતિહાસમાં નોંધાયેલ પરમ એકાંતિક ભક્તોની પંક્તિમાં શોભે એવા અ.નિ. સાં.યો. નાનબાઈનો વરસાણી પરિવારમાં જન્મ થયો. પુરૂષભક્તોમાં જ્ઞાનનું અને સ્ત્રીભક્તોમાં ભક્તિનું પ્રધાન્યપણું સહજ જોવા મળતું હોય છે. પરંતુ, જ્ઞાન અને ભક્તિનો ધર્મમય સંગમ જેમાના હૃદયમાં સદૈવ વ્યાપી રહ્યો એવા વંદનીય ફઈબાએ શ્રીહરિને સમર્પિત સુરજબા, લાધીબા, માતાજી, સદાબા, ધનબાઈ ફઈ આદિ સ્ત્રી ભક્તોની પરંપરાને અક્ષુણ રાખીને અનેક જીવાત્માને સત્સંગની રાહેથી ધામની કેડી કંડારવામાં સહાયક બન્યા છે. સાંખ્યયોગ ધારણ કરી શ્રી નરનારાયણદેવની સેવામાં આયખુ સમર્પિત કરનાર કચ્છ ચોવીસીના કેટકેટલાય બહેનોને સંપ્રદાયના ગ્રંથોનો પાઠ આપી આદર્શ વિદ્યાગુરૂના પદને પણ ફઈબાએ દીપાવ્યું છે. કચ્છ પ્રદેશના

મુન્દ્રા ગામમાં વર્ષો પહેલાં સત્સંગના બીજનું વાવેતર તો થયું પરંતુ ફુલ્યુ-ફાલ્યું નહોતુ પરંતુ, ફઈબાએ માતૃ વત્સલ સ્નેહે અને જતને મુન્દ્રાના લોકહૃદયમાં સત્સંગના બીજને અંકુરીત કરવાનું ભગીરથ કાર્ય સંપન્ન કર્યું. આજ દિને પ્રતિદિને એમની એ કલ્યાણકારી મહેનત રંગ લાવી રહી છે. ફઈબાએ પોતાની હયાતીમાં જ સ્વૈચ્છાએ શ્રી નરનારાયણદેવના ૧૯૭માં વાર્ષિક પાટોત્સવને યજમાન પદે રહી દેવ અને સંતોનો રાજીપો મેળવવાનો નિર્ધાર કર્યો હતો. અંત અવસ્થામાં શ્રી નરનારાયણ દેવ પ્રત્યે જ અનુવૃત્તિ જોડી રાખનાર વંદનીય ફઈબાના નિષ્કામ સંકલ્પને સાકાર કરવા માટે તેમની છાયા સમાન શિષ્યા મંડળે ભુજધામના આંગણે નરનારાયણદેવના દરબારમાં દિવ્યતા ભર્યા મહોત્સવનું આયોજન કરવાનું બીડુ જડપ્યું છે.

હરિના હેતમાં હર હંમેશ હરખેલા ગામ કેરાના અ.નિ. સાં.યો. રતનબાઈ વાલજી ભુવા, અ.નિ. સાં.યો. રતનબાઈ રામજી ભુડીયા, અ.નિ. સાં.યો. રતનબાઈ માવજી ભુવા આદિ સાં.યો. બહેનોની સ્મૃતિ અર્થે શ્રી સ્વામિનારાયણ મહિલા મંદિર, કેરાના મહંત સાં.યો. રતનબાઈ દેવજી ભુડીયા, શિષ્યા અ.નિ. સાં.યો. નાનબાઈ કરસન વરસાણી, સાં.યો. સામબાઈ, સાં.યો. મંજુબાઈ, સાં.યો. દેવબાઈ, સાં.યો. ભાવનાબાઈ, સાં.યો. ઉર્મિલાબાઈ, સાં.યો. જશોદાબાઈ, સાં.યો. શાન્તુબાઈ, સાં.યો. શાંતાબાઈ, સાં.યો. વનિતાબાઈ, સાં.યો. અવનીબાઈ, સાં.યો. અંજનાબાઈ, સાં.યો. નીલાબાઈ, સાં.યો. જાગૃતિબાઈ એવમ્ ગામ કુંદનપુરના અ.નિ. સાં.યો. રાધાબાઈ, અ.નિ. સાં.યો. મોટા જશુબાઈ, મહંત સાં.યો. જશુબાઈ પીંડોરીયા આદિ શિષ્ય મંડળ તેમજ સાં.યો. બહેનોની પ્રસન્નતાર્થે કૌટુંબિક સંબંધીજનો અ.નિ. સાં.યો. નાનબાઈના અ.નિ. પિતાશ્રી કરસનભાઈ મુરજી વરસાણી, માતૃશ્રી ગં.સ્વ. રાધાબાઈ, બહેન અ.સૌ. પુષ્પાબેન બનેવી પ.ભ. હરજીભાઈ કેરાઈ - અંજાર, ભાઈ શ્રી પ.ભ. ધનજીભાઈ ધ.પ. રતનબાઈ પ.ભ. લાલજીભાઈ ધ.પ. સવિતાબેન, પ.ભ. જાદવજીભાઈ પ.ભ. ડેડરીબેન, પ.ભ. કુંવરજીભાઈ ધ.પ. શાન્તાબેન, પ.ભ. રમેશભાઈ ધ.પ. રતનબેન, પ.ભ. નારાણભાઈ ધ.પ. પ્રેમિલાબેન પ.ભ. વિનોદભાઈ ધ.પ. ગીતાબેન આદિ સમસ્ત વરસાણી પરિવાર તેમજ શ્રી સ્વામિનારાયણ મંદિર કેરાના કાર્યવાહક કમિટિના સર્વે સદસ્યો તથા ગામ કેરા, કુંદનપુર અને મુન્દ્રાના નાના-મોટા સર્વે હરિભક્તોના જય શ્રી સ્વામિનારાયણ વાંચશોજી.

અ.નિ. નાનબાઈ ફઈને જીવનપર્યંત પ.પૂ. મોટા મહારાજશ્રી, અ.સૌ. મોટા ગાદીવાળા, વર્તમાન આચાર્યશ્રી પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ, વર્તમાન લક્ષ્મી સ્વરૂપા અ.સૌ. ગાદીવાળા, પ.પૂ. લાલજી મહારાજ આદિ સમસ્ત ધર્મકુળ પ્રત્યે વિશેષને વિશેષ સ્નેહ ભાવના રહી હતી. વૈશ્વિક માહામારીના કારણે હાલના પ્રતિકુળ સંજોગોમાં ધર્મકુળ આ દિવ્ય મહોત્સવમાં રૂબરૂ હાજર રહી શકે તેમ નથી પરંતુ, ફઈબા પર તેમના આશીર્વાદ રૂપ રાજીપો આજે પણ યથાવર્ત અઢળક છે. કચ્છ શ્રી નરનારાયણદેવને સમર્પિત મહિલા સત્સંગીઓના ગુરૂ સ્થાને વિરાજમાન મહંત સાં.યો. સામબાઈ ફઈ સહિત કચ્છના સર્વે નાના-મોટા સાંખ્યયોગી બહેનોનો અ.નિ. નાનબાઈ ફઈ પ્રત્યે સદૈવ અંતરથી રાજીપો રહ્યો છે અને રહેશે.

ભક્તજનો...!!! શ્રીજી મહારાજે શિક્ષાપત્રી શ્લોક ૧૧૯માં કરેલી આજ્ઞાને શીરોધાર્ય રાખીને આપનું તથા આપના પરિવારના સદસ્યોનું સ્વાસ્થ્ય ન જોખમાય એ હેતુથી સર્વે હરિભક્તોએ ઈન્ટરનેટ કે T.V. ચેનલના માધ્યમથી સહપરિવાર ઘરે જ બેસીને લાઈવ પ્રસારણ દ્વારા કથા શ્રવણ કરવા અને તથા અભિષેક/અન્નકૂટના દર્શન કરવા સૂચિત કરવામાં આવે છે.

લી. શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજથી મહંત સદ્. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના જય શ્રી સ્વામિનારાયણ વાંચશોજી.

## સવારના સત્રના શ્રી વચનામૃત કથા પારાયણના વક્તા

- શા. સ્વામી નારાયણમુનિદાસજી
- શા. સ્વામી શુકદેવસ્વરૂપદાસજી
- શા. સ્વામી ભક્તવત્સલદાસજી
- શા. સ્વામી આનંદવલ્લભદાસજી
- શા. સ્વામી મોરલીમનોહરદાસજી

## સાંજના સત્રના શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણના વક્તા

શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી